ચાંદીમાં ૧૬૦૦ રૂપિયાનો ઘટાડો

નવી દિલ્હી, તા. ૩

સોના-ચાંદી બજારમાં તહેવારની સિઝન પહેલા જ એકાએક મંદીનું મોજુ ફરી વળતા રોકાણકારોમાં હતાશાનું મોજુ ફરી વળ્યુ છે. તહેવાર પહેલા જ મંદીથી લોકોને પણ આશ્ચર્ય થયુ છે. પરંતુ આ મંદી વધુ લાંબા સમય સુધી નહીં રહે તેમ પણ કારોબારીઓ માની રહ્યા છે. તહેવાર નજીક આવતા ફરી તેજી આવી શકે છે. આજે કારોબાર દરમિયાન સોના-ચાંદીમાં જોરદાર કડાકો બોલી ગયો હતો. અનિશ્ચિતતાની સ્થિતિના પગલે અમદાવાદ સોના-ચાંદી બજારમાં શનિવારે ત્રણે ધાતુઓના ભાવમાં ભારે ધોવાણ જોવા મળ્યું હતું. શનિવારે દિવસભરની નકારાત્મક કારોબાર બાદ દિવસના અંતે ત્રણે ધાતુઓના ભાવમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. સૌ પ્રથમ સોનાની વાત કરીએ તો શનિવારે સપ્તાહનાં અંતિમ દિવસે સોનાના કારોબારમાં મંદી જોવા મળી હતી. જેના કારણે દિવસનાં અંતે ૧૦ ગ્રામ સોનાના ભાવ રૂપિયા ૩૨ પના જંગી ઘટાડા સાથે રૂપિયા ૩૦૮૦૦ થી ૩૦૯૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે સોનાની છેલ્લા ત્રણ મહિનાની સૌથી નીચી સપાટી છે. આ સોનાનાં ભાવ શુક્રવારે રૂપિયા ૩૧૧૨૫ થી ૩૧૨૨૫ની સપાટી ઉપર સ્થિર હતા. ઉલ્લેખનીય છે કે વર્તમાન સપ્તાહમાં સોમવારે રૂપિયા ૩૧૪૦૦ની સપાટી ઉપર સોનાના ભાવ ખુલ્યા હતા. જે મંગળ, બુધ અને ગુરુવારે રૂપિયા ૩૧૪૫૦ ની સપ્તાહની ઊંચી સપાટી ઉપર સ્થિર રહ્યા બાદ શનિવારે રૂપિયા ૩૦૧૦૦ની નીચી સપાટીએ બંધ રહ્યા હતા. જે સપ્તાહ દરમિયાન સોનાના ભાવમાં રૂપિયા ૫૦૦નું ધોવાણ દર્શાવે છે. નકારાત્મક

કારોબારની અસર શનિવારે ચાંદી ઉપર પણ જોવા મળી હતી. શનિવારે સપ્તાહનાં કારોબારના અંતે અમદાવાદ માર્કેટમાં પ્રતિકિલોગ્રામ ચાંદીના ભાવમાં રૂપિયા ૧૬૦૦નો જંગી કડાકો નોંધાયો હતો. આ સાથે ચાંદીના ભાવ રૂપિયા ૫૭૦૦૦ થી ૫૭૫૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે સપ્તાહ દરમિયાન ચાંદીના ભાવમાં રૂપિયા ૧૮૦૦નું ધોવાણ દર્શાવે છે. જ્યારે ચાંદીના પગલે અમદાવાદ માર્કેટમાં પ્રતિકિલોગ્રામ રૂપાના ભાવમાં પણ રૂપિયા ૧૬૦૦નો જંગી ઘટાડો નોંધાયો હતો. જેના કારણે શનિવારે સપ્તાહનાં અંતિમ દિવસે રૂપાના ભાવ રૂપિયા ૫૬૮૦૦થી ૫૭૩૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે શુક્રવારે રૂપિયા ૫૮૪૦૦થી ૫૮૯૦૦ની સપાટી ઉપર બંધ હતા. આમ તહેવારો નજીક હોવા છતાં અમદાવાદ સોના-ચાંદી બજારમાં નરમાશનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. રોકાણકારો શેરબજાર તરફ વળતા હોવાથી સોના-ચાંદીનાં ભાવોમાં પીછેહઠ જોવા મળી રહેલ હોવાનું નિષ્ણાતોનું માનવું છે. જેનાં કારણે રોકાણકારોને દિવાળી પહેલા શનિવારે એક ઝાટકો લાગ્યો છે. દરમિયાન દિલ્હીમાં પણ સોનાની કિંમત બે મહિનાની નીચી સપાટીએ પહોંચી ગઈ હતી. ચાંદીમાં કિલોદીઠ ૧૫૦૦ રૂપિયાનો કડાકો બોલાયો હતો જ્યારે સોનામાં ૨૭૦નો ઘટાડો નોંધાયો છે. કારોબારીઓ માને છે કે વૈશ્વિક પ્રવાહ નબળો જોવા મળી રહ્યો છે. ન્યૂયોર્કમાં સોનાની કિંમતમાં ૨૧મી જૂન બાદથી ૨.૩ ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે. જ્યારે ચાંદીની કિંમતમાં ૨૧મી જૂન બાદથી ૪.૩ ટકાનો મોટો ઘટાડો રહ્યો છે.

હિમાચલમાં આજે ૬૮ બેઠકો માટે મતદાન

શિમલા, તા. ૩

હિમાચલ પ્રદેશમાં આવતીકાલે યોજાનાર વિધાનસભાની ચૂંટણી માટે મતદાનનો તખ્તો તૈયાર થઈ ચૂક્યો છે. શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા સાવચેતીના તમામ પગલાં લેવામાં આવી ચૂક્યા છે. ચૂંટણી સામગ્રી પણ સંબંધિત સ્થળો ઉપર પહોંચી ચૂકી છે. હવે આવતીકાલે સવારે મતદાન શરૂ થશે. હિમાચલમાં એક જ તબક્કામાં મતદાન યોજાનાર છે. હિમાચલમાં કુલ ૪૫૯ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ૨૭ મહિલા ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે. અહીં કુલ મતદારોની સંખ્યા ૪૬૦૮૩૫૯ જેટલી નોંધાઈ છે. અહીંયા મતદારોની સંખ્યા ૨૨૩૧૭૭૨ જેટલી નોંધાઈ છે. મતદાનને લઈને મતદારો પણ ખૂબ જ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. કુલ ૬૮ બેઠકો માટે મતદાન યોજાનાર છે. મતદાન મથકો ખાતે પણ સઘન સુરક્ષા વ્યવસ્થા પહેલાંથી જ ગોઠવવામાં આવી છે. કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પણ પૂરતા પગલાં લેવામાં આવી ચૂક્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રચારનો ગઈકાલે અંત આવી ગયો

હતો. ૬૮ વિધાનસભાની બેઠક માટે છેલ્લા ઘણા દિવસથી પ્રચાર ચરણસીમાએ હતો. ચૂંટણી પ્રચારનો અંત આવી ગયા બાદ છેલ્લા કલાકોમાં ઉમેદવારોએ ઘેર ઘેર જઈને મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસો કર્યા હતા. ચૂંટણી અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે કુલ ૬૮ વિધાનસભા બેઠક માટે ૪૫૯ ઉમેદવારો મેદાનમાં છે. ભાજપ અને કોંગ્રેસ તમામ બેઠકો પર ચૂંટણી લડનાર છે જ્યારે બહુજન સમાજ પાર્ટી ૬૬ બેઠક પર ચૂંટણી લડનાર છે. અન્ય રાજકીય પક્ષોએ પણ પોત પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. મુખ્યમંત્રી પ્રેમકુમારના નેતૃત્વમાં ભાજપ પંજાબની જેમ હિમાચલમાં પણ ઈતિહાસ લખવાની તૈયારીમાં છે. પંજાબની જેમ જ હિમાચલમાં પણ ૧૯૭૭ બાદ ક્યારે પણ બીજી વખત સરકાર કોઈની બની નથી. ભાજપ ઈતિહાસ રચી શકે છે કે કોંગ્રેસ ઉત્તરાખંડનું પુનરાવર્તન કરે છે તે બાબત તમામ માટે મહત્ત્વપૂર્ણ રહે છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હિમાચલમાં મુખ્ય સ્પર્ધા જોવા મળશે. બંને મુખ્ય રાજકીય પક્ષોમાં બળવાખોરો મેદાનમાં હોવાથી બંને પક્ષો માટે આ વખતે નવી સમસ્યા ઉભી થઈ ગઈ છે. આવતીકાલે મતદાન યોજાયા બાદ મત ગણતરીની પ્રક્રિયા ૨૦મી ડિસેમ્બરના દિવસે હાથ ધરવામાં આવશે. ઈવીએમ મારફતે તમામ જગ્યાએ મતાધિકારનો ઉપયોગ કરવામાં આવશે. હિમાચલમાં જે સ્ટાર પ્રચારકો પ્રચાર કરી ચુક્યા છે. તેમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, જનરલ સેક્રેટરી રાહુલ ગાંધી, ભાજપના નેતા એલકે અડવાણી, અરૂણ જેટલીનો સમાવેશ થાય છે. ૨૦૦૭માં યોજાઈ રહેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૪૧ અને કોંગ્રેસને ૨૩ બેઠક મળી હતી. બહુજન સમાજ પાર્ટીને એક અને અપક્ષોને ત્રણ બેઠકો મળી હતી. એક બસપ ધારાસભ્ય ભાજપમાં જોડાઈ ગયા હતા. આવી જ રીતે રાજ્યમાં ૧૧૬૨ દંષ્ટિહીન મતદારો છે.

રાજ્યમાં કુલ મતદાન મથકો પૈકી ૭૬૩ અતિ સંવેદનશીલ મતદાન મથકો છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ ચૂંટણી પ્રચાર કરી ચૂક્યા છે. મોદીએ અહીં કેન્દ્રિય પ્રધાન શશી થરુરના પત્નિ સુનંદાનો મુદ્દો આઠાવીને ભારે હોબાળો મચાવી ચુક્યા છે. હિમાચલમાં અસામાજિક તત્ત્વો ઉપર પણ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. રાજ્યની સરહદોને પણ સાવચેતીના પગલાં રૂપે સીલ કરવામાં આવી છે. ચૂંટણી પ્રચારમાં જે મુદ્દા છવાયેલા રહ્યા હતા તેમાં ભ્રષ્ટાચાર, કોલસા કાંડ, ટુજી કાંડ, કોમનવેલ્થ ગેમ્સ કાંડનો સમાવેશ થાય છે.

સેન્ડી વાવાઝોડના કારણે હજુ પણ લાખો અંધારપટ હેઠળ

ન્યૂયોર્ક, તા. ૩

અમેરિકામાં તાજેતરમાં જ ત્રાટકેલા વિનાશકારી સેન્ડી વાવાઝોડાના કારણે હજુ પણ ૫૭૦૦૦૦ જેટલા લોકો અંધારપટ હેઠળ છે. ન્યૂયોર્કમાં એક વીજળી કંપનીએ કબૂલાત કરતા કહ્યું છે કે વાવાઝોડાના ચાર દિવસ બાદ પણ ન્યૂયોર્ક શહેર અને વેસ્ટચેસ્ટર કાઉન્ટીના પાંચ લાખથી વધુ લોકો અંધારપટ હેઠળ છે અને તેમનું જનજીવન અસ્તવ્યસ્ત થયેલું છે. વીજળી કંપની કંસોલિડેટેડ એડિશને માહિતી આપતા કહ્યું છે કે મેનહટનની ૧૦૦થી વધુ ઇમારતોમાં વીજળી વ્યવસ્થા પુન સ્થાપિત થઈ ચૂકી છે પરંતુ અંડર ગ્રાઉન્ડમાં પાણી ભરાઈ જવાના કારણે વીજળી વ્યવસ્થા પુન સ્થાપિત થઈ શકી નથી. વાવાઝોડાના કારણે કંપનીના ૩૦ લાખથી વધારે કસ્ટમરો પૈકી આઠ લાખ ૯૦ હજાર લોકોના ઘરમાં વીજળી વ્યવસ્થા ઠપ થઈ ગઈ હતી.

વાવાઝોડા બાદ કંપની ત્રણ લાખ ૨૦ હજાર લોકોના ઘરમાં વીજ પુરવઠો પુન સ્થાપિત કરી ચૂકી છે. કંપનીએ કહ્યું છે કે મેનહટનના મોટાભાગના વિસ્તારોમાં વીજળી કનેકશન યથાવત્ કરી દેવામાં આવ્યા છે. અમેરિકામાં ભીષણ વાવાઝોડા સેન્ડીના કારણે ખૂબ નુકસાન થયું હતું. સંયુક્ત રાષ્ટ્રની કચેરીમાં પણ નુકસાન થયું છે. બીજી બાજુ મૃતાંક વધીને ૯૮ ઉપર પહોંચી ગયો છે. બચાવ અને રાહત કામગીરી ઘણા વિસ્તારોમાં ચાલી રહી છે જેમાં ન્યૂયોર્ક અને ન્યૂજર્સીમાં કુદરતી હોનારત બાદ હજુ પણ બચાવ કામગીરી ચાલી રહી છે. વાવાઝોડના કારણે થયેલા નુકસાનના આંકડાની ગણતરી કરવામાં આવી રહી છે. ન્યૂયોર્ક શહેરમાં ૪૦ લોકોના મોત થયા છે. અબજોનું નુકસાન થઈ ચૂક્યું છે. પરિવહન વ્યવસ્થા પણ હવે ધીમે ધીમે ફરી સામાન્ય બની ગઈ છે. જોકે આગામી દિવસો હજુ પણ પડકારરૂપ રહી શકે છે. રોગચાળાનો ખતરો પણ ઉભો થઈ ગયો છે. વહીવટી તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીને પણ વાવાઝોડાના કારણે માઠી અસર થઈ હતી જેથી પ્રચારને રોકવાની પણ ફરજ પડી હતી.

જેલના ડીઆઈજી પાસેથી ૨૫ કરોડની સંપત્તિ કબજે

નવી દિલ્હી, તા. ૩

મધ્યપ્રદેશ લોકાયુક્તે આજે ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ જેલ ઉમેશ ગાંધીના આવાસ ઉપર વ્યાપક દરોડા પાડીને ૨૫ કરોડની કિંમતની સોના-ચાંદીની વસ્તુઓ કબજે કરી હતી. ૨૫ કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવતા ભારે ખળભળાટ મચી ગયો હતો.

ઉમેશ ગાંધી અને તેમના ભાઈના આવાસ પર દરોડા પાડવામાં આવ્યા હતા. લોકાયુક્તના અધિકારીઓએ ખુબજ ગુપ્તરીતે આ દરોડાની કામગીરી હાથ ધરી હતી. મોડી સાંજ સુધી દરોડાની કામગીરી જારી રહી હતી. ડીઆઈજીના ભાઈ અજય ગાંધીના નિવાસસ્થાન પર દરોડા પાડવામાં આવ્યા હતા. અહીંથી અધિકારીઓએ કરોડોની જ્વેલરી અને રોકડ રકમ કબજે કરી હતી. ભોપાલમાં ત્રણ એપાર્ટમેન્ટ સાથે સંબંધિત દસ્તાવેજો, જમીન, કૃષિ ફાર્મ, પોલ્ટ્રી ફાર્મ સાથે સંબંધિત દસ્તાવેજો પણ કબજે કરવામાં આવ્યા હતા. સૂત્રોએ કહ્યુ છે કે સાગર જિલ્લામાં આ તમામ સંપત્તિ હોવાનું જાણવા મળ્યુ છે. ૨૫ સભ્યોની ટીમે આ દરોડાની કામગીરી હાથ ધરી હતી. આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ એકત્રિક કરવા બદલ ડીઆઈજી ગાંધી સામે ઘણીબધી ફરિયાદો થયા બાદ દરોડા પાડવામાં આવ્યા હતા. જો કે અજય ગાંધીએ કહ્યુ છે કે કોઈ પણ પ્રકારનું ખોટુ કામ કરવામાં આવ્યુ નથી. ગાંધીએ કહ્યુ હતુ કે અમે કોઈ ખોટુ કામ કર્યુ નથી.

ભ્રષ્ટાચાર વિરોધી કાર્યક્રરો ભૂતકાળમાં ભ્રષ્ટાચારને રોકવા માટે કઠોર પગલા લીધા છે. છતાં હાલમાં ભ્રષ્ટાચારની પ્રવૃત્તિ દિનપ્રતિદિન વધી રહી છે. અત્રે ઉલ્લેખનિય છે કે દરોડાની કામગીરીના સંબંધમાં હજુ ચકાસણી ચાલી રહી છે.

કોંગ્રેસની માન્યતા રદ્દ કરી દેવા સુબ્રમણ્યમ સ્વામીની માંગણી

નવી દિલ્હી, તા. ૩

વ્યાજમુક્ત લોનના સ્વરૂપમાં એસોસીએટેડ જર્નલ્સ લિમિટેડને ટેકો આપવાની તેની ફરજ તે ચાલુ રાખશે તેવા કોંગ્રેસના નિવેદનના એક દિવસ બાદ જનતા પાર્ટીના વડા સુબ્રમણ્યમ સ્વામીએ આજે કહ્યું હતું કે તેઓ ચૂંટણી પંચ સમક્ષ એક અરજી કરી ચુક્યા છે જેમાં કોંગ્રેસ પાર્ટીની માન્યતા રદ કરવાની માંગ કરવામાં આવી છે. ગઈકાલે લોન કાઈમની કોંગ્રેસે કબૂલાત કરી લીધા બાદ સુબ્રમણ્યમ સ્વામીએ ટ્વીટર ઉપર નિવેદન કરતા કહ્યું છે કે તેઓ કોંગ્રેસ પાર્ટીની માન્યતા રદ કરવાની માંગણી કરીને અપીલ કરી ચૂક્યા છે. ગઈકાલે મોડીરાત્રે પત્રકાર પરિષદમાં કોંગ્રેસના જનરલ સેક્રેટરી જનાર્દન દિવેદીએ કહ્યું હતું કે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ જમીનના કાયદાઓને પાળીને આ અખબાર

ફરીથી સારી સ્થિતિમાં આવે તે માટે એસોસીએટેડ જનરલ્સને ટેકો આપવાનું ચાલું રાખશે. કોંગ્રેસના આ નિવેદનથી સુબ્રમણ્યમ સ્વામી વધુ નારાજ દેખાઈ રહ્યા છે. તેમનું કહેવું છે કે વ્યાજમુક્ત લોનના સ્વરૂપમાં કોંગ્રેસે ટેકો આપ્યો છે. એસોસીએટેડ જનરલ્સ લિમિટેડ હવે રાષ્ટ્રીય અખબાર હેરાલ્ડ અને કોમી અવાજ નિષ્ક્રિય અવસ્થામાં છે. નેશનલ હેરાલ્ડની સ્થાપના વર્ષ ૧૯૪૭માં ભારતના પ્રથમ વડાપ્રધાન બનેલા જવાહરલાલ નહેરુ દ્વારા કરવામાં આવી હતી. સ્વતંત્રતા સંઘર્ષમાં પણ આ અખબારની ભૂમિકા રહી હતી. સુબ્રમણ્યમ સ્વામીએ ગુરુવારે એવો આક્ષેપ કર્યો હતો કે દિલ્હીમાં હેરાલ્ડ હાઉસને ટેકઅવર કરીને સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ધારાધોરણોનો ભંગ કર્યો છે. ભાજપના નેતા અરુણ જેટલીએ પણ ગઈકાલે સુબ્રમણ્યમ સ્વામીને સાથ આપીને આ સમગ્ર મામલે ખુલાસો કરવા કોંગ્રેસને કહ્યું હતું. ગાંધી દ્વારા રચવામાં આવેલી કંપનીને ૯૦ કરોડ રૂપિયાની લોન આપવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. કોંગ્રેસે તેના આક્ષેપો પુરવાર કરવા સ્વામીને પડકાર ફેંક્યો હતો. દિવેદીના જણાવ્યા મુજબ કોંગ્રેસનો હેતુ ખૂબ સારો છે. ભારતના લોકો વધુ સમૃદ્ધ અને આગળ વધે તે છે. ગઈકાલે કોંગ્રેસ પ્રવક્તા ચાકોએ કહ્યુ હતુ કે સ્વામી કોર્ટમાં જઈ શકે છે. હીટ એન્ડ રન યુક્તિ સ્વીકારવાના બદલે તેમના આરોપોના મામલે તેઓ કોર્ટમાં જવા સ્વતંત્ર છે.

ઓરિસ્સામાં અતિભારે વરસાદથી જનજીવન ઠપ

ભુવનેશ્વર, તા. ૩

ઓરિસ્સાના જુદાજુદા ભાગોમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા અતિભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. માર્ગ વ્યવહાર ખોરવાઈ ગયો છે. ઘણા વિસ્તારમાં ડાંગરના પાકને પણ નુકસાન થયુ છે. હવામાન ખાતાના અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ઘણા વિસ્તારોમાં બંગાળના અખાતમાં ઉદ્ભવેલા વાવાઝોડા નિલમની અસર સ્પષ્ટપણે દેખાઈ આવી છે. કેટલાક વિસ્તારોમાં સતત વરસાદ પણ જારી રહેતા પાણી ભરાઈ ગયા છે. ભુવનેશ્વર હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે વરસાદનો દોર હજુ કેટલાક દિવસ જારી રહે તેવી શક્યતા છે. બંદર શહેર ગોપાલપુરમાં સૌથી વધુ ૧૨૩ મીમી વરસાદ નોંધાયો છે. ઉપરાંત દરિયાકાંઠાના શહેર પૂરી અને બરહામપુરમાં ક્રમશઃ ૧૧૬ અને ૮૨ મીમી વરસાદ પડ્યો છે. વરસાદ જારી રહેતા રાજ્યના પાટનગર ભુવનેશ્વરમાં લોકો અટવાઈ પડ્યા છે. ભુવનેશ્વરમાં ૮૮ મીમી વરસાદ થયો છે. ટ્રાફિકની વ્યવસ્થા રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર પણ ઠપ થઈ ગયો છે. આજે મોટી સંખ્યામાં સ્કૂલી બાળકો ઘરમાં જ રહ્યા હતા. સ્કૂલમાં રજા પણ જાહેર કરવામાં આવી હતી. વરસાદના કારણે ઘણા વિસ્તારમાં ડાંગરના પાકને નુકસાન થયુ હતુ. રાજ્યના કૃષિ વિભાગના એક અધિકારીએ કહ્યુ છે કે ઘણા વિસ્તારમાં ઉભા પાકને નુકસાન થયુ છે. વરસાદ જારી રહેવાના કારણે દરિયાકાંઠાના પટ્ટામાં લોકોને ઘરમાં રહેવા સલાહ પણ આપવામાં આવી છે. હવામાન કચેરીએ આગાહી કરી છે કે પાંચમી નવેમ્બર સુધી કેટલાક વિસ્તારમાં અતિભારે વરસાદ પડી શકે છે.

અમરસિંહ સામે કેસ પરત લેવાની બાબત શરમજનક

નવી દિલ્હી, તા. ૩

ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શનના સભ્ય અરવિંદ કેજરીવાલે આજે સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ મુલાયમસિંહ યાદવ પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યુ હતુ કે અમરસિંહ સામે મની લોન્ડરીંગ કેસ મુલાયમસિંહ દ્વારા પરત લેવાનો નિર્ણય ખુબજ શરમજનક છે. કેજરીવાલ સોશ્યલ નેટવર્કીંગ સાઈટ ટ્વિટર ઉપર કહ્યુછે કે અમરસિંહની સામે મની લોન્ડરીંગ કેસ પરત લેવાની બબાત શરમજનક છે.

આ બાબત ન્યાયિક વ્યવસ્થા માટે ખૂબ જ ખતરનાક છે. આ પ્રકારની અપરાધિક વ્યવસ્થા તાત્કાલિક ધોરણે ફગાવી દેવાની જરૂર છે. ટ્વિટરમાં કેજરીવાલે એમ પણ કહ્યુ છેકે મુલાયમસિંહ યાદવ હવે કેન્દ્રિય પ્રધાન સલમાન ખુરશીદ સામે પણ કેસ પરત ખેંચી લેશે. મુલાયમસિંહ માત્ર યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા છે. ત્યારબાદ કોંગ્રેસ મુલાયમસિંહની સામે કેસ પરત લઈ લેશે. આ ખુબજ ખતરનાક વ્યવસ્થા છે. તેમણે ઉમેર્યુ હતુ કે વર્તમાન નેતાઓથી દેશના લોકોને કોઈ પણ આશા નથી. આ નેતાઓ અને આ વ્યવસ્થાને જડમૂળથી દૂર કરવાની જરૂર છે.

કલ્યાણ ચોક્કસ શરતો ઉપર ભાજપમાં વાપસી માટે તૈયાર

લખનૌ, તા. ૩

ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને જનકાંતિના નેતા કલ્યાણસિંહ ભાજપમાં વાપસી કરવા માટે તૈયાર થઈ ચૂક્યા છે. કલ્યાણસિંહ પોતાની શરત ઉપર ભાજપમાં એન્ટ્રી કરવા જઈ રહ્યા છે. મળેલી માહિતી મુજબ વર્ષ ૨૦૦૯માં જ્યારે કલ્યાણસિંહે ભાજપ સાથે છેડો ફાડ્યો ત્યારે તેઓ રાષ્ટ્રીય ઉપપ્રમુખ તરીકે હતા. હવે રાષ્ટ્રીય ઉપપ્રમુખ તરીકે જ તેઓ ભાજપમાં એન્ટ્રી કરવા માગે છે. આનો મતલબ એ થયો કે વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલાં કલ્યાણસિંહ ભાજપની સ્થિતિને વધુ મજબૂત કરવાની મુખ્ય જવાબદારી સંભાળશે. એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં કલ્યાણસિંહના નજીકના સાથી અને પક્ષના આંતરિક સૂત્રોએ કહ્યું છે કે કલ્યાણસિંહના પુત્ર અને જેકેપીના વડા રાજવીરસિંહને પણ રાજ્ય ભાજપમાં સારા હોદ્દા આપવામાં આવશે. સાથે સાથે લોકસભાની ચૂંટણી માટે ટિકિટ પણ મળશે. પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહે જેકેપીના નેતાઓ માટે સારા હોદ્દાની માંગણી શરૂ કરી દીધી છે. જો કે કલ્યાણસિંહની ભાજપમાં એન્ટ્રી માટેની તારીખ અને અન્ય નિર્ણય ભાજપના રાષ્ટ્રીય વડા નિતીન ગડકરી, રાજનાથ સિંહ અને કાલરાજ મિશ્રા દ્વારા લેવામાં આવશે. આ તમામ લોકો થોડાક સમયમાં નવી દિલ્હીમાં મળશે. આ મિટીંગમાં લાલજી ટન્ડન અને ભાજપના વરિષ્ઠ નેતા મોરલી મનોહર જોષી પણ ભાગ લેશે. આ મિટીંગને થોડી મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. લખનૌઉમાં એક ભવ્ય કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવનાર છે. ભાજપ માટે ચાર મુદ્દાની ફોર્મ્યુલા કલ્યાણસિંહના નજીકના લોકો રજૂ કરી રહ્યા છે. તેનું કહેવું છે કે આનાથી ભાજપની સ્થિતિ મજબૂત બનશે. વર્ષ ૨૦૦૯ની લોકસભા ચૂંટણી દરમિયાન કલ્યાણસિંહે ભાજપ સાથે છેડો ફાડી દીધો હતો. બુલંદ શહેરમાંથી ઉમેદવાર તરીકે અશોક પ્રધાનને બદલી નાખવાની તેમની માંગ ફગાવી દેવાતા કલ્યાણસિંહે ભાજપ સાથે છેડો ફાડી દીધો હતો. કલ્યાણ કેમ્પનો દાવો હતો કે પ્રધાન તેમના પુત્ર રાજવીની હાર માટે જવાબદાર હતી.

ટીડીપી નેતા યેરા નાયડુના વતન ખાતે અંતિમસંસ્કાર

શ્રીકાકુલમ, તા. ૩

ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન અને ટીડીપીના વરિષ્ઠ નેતા યેરા નાયડુના આજે સવારે આંધ્રપ્રદેશના તેમના વતન ગામ નિમ્માડામાં સંપૂર્ણ સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. યેરા નાયડુનું માર્ગ અકસ્માતમાં મોત થયુ હતુ. ટીડીપીના વડા ચંદ્રબાબુ નાયડુના નેતૃત્વમાં પક્ષના હજારોની સંખ્યામાં કાર્યકરો, નેતાઓ અંતિમ સંસ્કારમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. યેરા નાયડુને તોપની સલામી પણ આપવામાં આવી હતી. શ્રીકાકુલમ જિલ્લાના કલેક્ટર સૌરભ ગૌરે સરકાર તરફથી અંતિમ સંસ્કાર પહેલા અંતિમ શ્રદ્ધાંજલિ આપી હતી. યેરા નાયડુના પુત્ર રામમોહને પરિવારના ખેતરમાં અગ્નિદાહ આપ્યો હતો. ચંદ્રબાબુ નાયડુ પણ તેમના પુત્ર લોકેશ સાથે પહોંચ્યા હતા. શ્રીકાકુલમ અને વિશાખાપટ્ટનમ જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આંધ્રપ્રદેશ વિધાનસભામાં તેઓ અહીંથી પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા. ઉપરાંત ચાર અવધિથી લોકસભા માટે પણ અહીંથી મેદાનમાં હતા. રાજ્યના ઘણા પ્રધાનો પણ અંતિમ સંસ્કાર વેળા ઉપસ્થિત રહ્યા હતા.

ગોલ્ડ ઇટીએફમાં ધનતેરસે ખાસ કારોબાર હાથ ધરાશે

નવી દિલ્હી, તા. ૩

નેશનલ સ્ટોક એક્સચેન્જે કહ્યું છે કે ધનતેરસના પ્રસંગે ૧૧મી નવેમ્બરના દિવસે ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ માટે ખાસ કારોબારી સેશન યોજવામાં આવશે. ૧૧મી નવેમ્બરે ગોલ્ડ ઈટીએફ કારોબાર માટે ખાસ સત્ર યોજવાની નેશનલ સ્ટોક એક્સચેન્જની જાહેરાતથી કારોબારીઓમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ દિવસે વધુ આવક થવાની આશા પણ દેખાઈ રહી છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ ૧૧મી નવેમ્બરના દિવસે સવારે ૧૧ વાગ્યાથી બપોરને ૩.૩૦ વાગ્યા સુધી ઈક્વિટી સેગમેન્ટમાં ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ માટે ખાસ કારોબારી સત્ર યોજશે. ધનતેરસને

સોનાની ખરીદી માટે ખૂબ જ શુભ દિવસ તરીકે ગણવામાં આવે છે. આ દિવસે સોનાની મોટાપાયે ખરીદી કરવામાં આવે છે. ગોલ્ડ ઈટીએફમાં પણ આ દિવસે જોરદાર કારોબાર રહે છે. અક્ષય તૃતીયાં, ધનતેરસ અને તહેવારના દિવસો દરમિયાન ગોલ્ડ ઈટીએફમાં સામાન્ય રીતે કારોબાર ખૂબ ઊંચો રહે છે. એનએસઈમાં ગોલ્ડ ઈટીએફમાં માસિક કારોબાર આશરે ૧૯૯૫ કરોડની આસપાસ રહે છે. વર્ષ ૨૦૧૨ના પ્રથમ સાત મહિનામાં સરેરાશ કારોબાર વર્ષ ૨૦૧૧ના પ્રથમ સાત મહિનામાં ૯૩૩ કરોડની સામે આ વખતે ૧૧૯૫ કરોડ રહ્યો છે. આમા ૨૮ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. ગોલ્ડ ઈટીએફ માટે એસેટ અંડર મેનેજમેન્ટ ૧૧૧૯૮ કરોડની આસપાસ છે જે ગયા વર્ષે આ જ ગાળામાં રકમ ૮૧૭૩ કરોડની આસપાસની હતી. તેમાં ૩૭ ટકાનો વધારો થયો છે. ૧૪ એએમસી ઓફર પ્રોડક્ટની વેલ્યુ હાલમાં વધી ગઈ છે. કારોબાર ખાસ રીતે આગળ વધારવાની નેશનલ સ્ટોક એક્સચેન્જની જાહેરાત બાદ ગોલ્ડની ખરીદી કરવા ઈચ્છુક કારોબારીઓમાં પણ નવી ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. ૧૧મી નવેમ્બરના દિવસે ધનતેરસ હોવાથી જોરદાર કારોબાર જોવા મળે તેવી શક્યતા છે. આ કારોબારનો આંકડો મોડેથી જાહેર પણ કરવામાં આવનાર છે.

વાત કાનૂન કાયદાની... (પાના નં. ૪ નું ચાલુ)

કાયદો સ્થાપિત કરે છે કે ફૂડ ઇન્સ્પેક્ટર સેમ્પલ મેળવે ત્યારે પુરાવો તેના ખભા ઉપર છે અને આરોપીને સજા કરવા માટે વ્યાજબી શક સાબિત કરવો જોઇએ. ફૂડ ઇન્સ્પેક્ટર યોગ્ય દરકાર કેસ બાબતે કે નિયમોને અનુસરે નહીં તો આરોપી શકનો લાભ મેળવવાનાં પાત્ર બને છે જે વાસણમાં સેમ્પલ લેવામાં આવે તે સ્ટરીલાઇઝ કરેલું હોવું જોઇએ. પુરાવાનો બોજો ફરિયાદ પક્ષે હોય ટેકનિકલ કારણો, બાબતો તો લાભ મેળવી આરોપી કાયદાની છટકબારીમાંથી તથા બિલોની તર્કપૂર્ણ દલીલો તથા પુરાવાઓનાં અભાવે શકનો લાભ આપી નામદાર કોર્ટ છોડી મુકે છે.

**અખાદ્ય વસ્તુ ખોરાક પીણા વેચે અને સાબિત થાય તો નામદાર જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ ૬ (છ) માસની સજા તથા પાંચ હજાર સુધીનો દ